प्राचीन दिगंबर
अर्वाचीन श्वेतांबर

लेखक,
श्रीयुत तात्या नेमीनाथ पांगल, बार्सी (सोलापुर)

प्रकट कर्ता,
मूलचंद कसनदास कापडीआ,
संपादक, "दिगंबर जैन"—सुरत.

સોનાસણ (પ્રાંતિજ) નિવાસી ગાંધી ગુલાબચંદ નાનચંદ
તરફથી નનાનપુરની પ્રતિષ્ઠાની ખુશાલીમાં "દિગંબર
જૈન" પત્રના ગ્રાહકોને પાંચમા વર્ષમાં (નવમી) ભેટ.

શ્રી સુરત જૈન પ્રિન્ટીંગ પ્રેસમાં મહુભાઇ બાઈદાસે છાપ્યું.

मूल्य. रु. ०—४—०

दिगंबर जैन ग्रंथमाला नं. १३.

प्राचीन दिगंबर
अर्वाचीन श्वेतांबर

लेखक,
श्रीयुत तात्या नेमीनाथ पांगल, बार्सी (सोलापुर)

प्रकट कर्ता,
मूलचंद कसनदास कापडीआ,
संपादक, "दिगंबर जैन"—सुरत.

सोनासण (प्रांतिज) निवासी गांधी गुलाबचंद नानचंद तरफथी ननानपुरनी
प्रतिष्ठानी खुशालीमां "दिगंबर जैन" पत्रना ग्राहकोने
पांचमा वर्षमां नवमी भेट.

प्रथमावृत्ति. प्रत ११००
वीर संवत २४३८ — विक्रम सं. १९६८
मुल्य. रु. ०—२—०

પ્રસ્તાવના.

ગત વર્ષમાં સંસ્કૃત ભાષાના જાણીતા વિદ્વાન અને ઇતિહાસ શોધક **ડૉ. ભાંડારકર** સાથે જૈન ધર્મની પ્રાચીનતાના સંબંધમાં બાર્સી નિવાસી શ્રી. **તાત્યા નેમીનાથ પાંગળને** કેટલાક પ્રશ્નોત્તરો થયા હતા, જે મહત્વના હોવાથી તે પ્રશ્નોત્તરો '**ડૉ. ભાંડારકારના વિચાર**' એ મથાળા નીચે '**जैन हितैषी,**' "**प्रगति-जिन विजय**" અને '**દિગંબર જૈન**' પત્રોમાં પ્રકટ થયા હતા, જેમાં દિગંબર મત પ્રાચીન અને શ્વેતાંબર મત અર્વાચીન માલમ પડે છે, એવું ડૉ. ભાંડારકરે વર્ણવેલું હોવાથી તેનું ખંડન! કરવાને બનારસથી શ્વે. ભાઇઓ તરફથી પ્રકટ થતા "**જૈન શાસન**" પત્રના ગત દિવાળીના ખાસ અંકમાં '**શ્વેતાંબર પ્રાચીન કે દિગંબર**' આ મથાળાનો એક લેખ **મુનિ વિદ્યાવિજયજી** તરફથી લખાયલો છે, જેનો ઉત્તર પ્રકટ કરવામાં ન આવે તો સાધારણ વાંચકોમાં દિગંબર મતની પ્રાચીનતા સંબંધમાં શંકા ઉત્પન્ન થાય, માટે એ લેખના ઉત્તર તરીકે **શ્રીયુત તાત્યા નેમીનાથ પાંગળે "પ્રાચીન દિગંબર-અર્વાચીન શ્વેતાંબર"** નામે એક લેખ જે મરાઠીમાં તૈયાર કર્યો છે, તે ગુજરાતી ભાષામાંજ પ્રકટ થવાની આવશ્યકતા હોવાથી અમોએ એ લેખનું ગુજરાતી ભાષાંતર **શ્રીયુત નાનચંદ પુંજાભાઈ બી. એ.** (હેડમાસ્તર, એંગ્લો વર્નાક્યુલર સ્કુલ, કડી, ગુજરાત) દ્વારા તૈયાર કરાવીને આ પુસ્તક પ્રકટ કર્યું છે, જે ત્રણે ફિરકાના જૈનો તેમજ અજૈનોમાં પણ ઉપયોગી વાંચન પુરૂં પાડશે એવી અમારી ધારણા છે.

જૈન જાતિ સેવક,

વીર સં. ૨૪૩૮. | **મુલચંદ કસનદાસ કાપડીઆ**

પ્ર. અષાડ સુદ ૩ | **પ્રકટ કર્તા.**

॥ श्री वीतरागाय नमः ॥

प्राचीन दिगंबर

अर्वाचीन श्वेतांबर.

હે પ્રિય ઇતિહાસના શોખીન સર્વે દિગંબર અને શ્વેતાંબર બાંધવો! સનાતન જૈન ધર્મના દિગંબર અને શ્વેતાંબર આમ્નાય પૈકી **પ્રાચીન કોણ** એ પ્રશ્ન વારંવાર આપણી આગળ આવતો હોવાથી, જે તે આમ્નાયવાળા આ પ્રશ્નનો ઉત્તર પોતાનાજ આમ્નાય પ્રમાણે આપી છૂટા જાય છે, પણ ખરો પંથ કયો છે. દિગંબર કે શ્વેતાંબર ? એનો પક્ષપાત રહિત કોઇપણ જવાબ આપતા નથી, એનું કારણ પોતપોતાના પંથ માટેનો **અંધપ્રેમજ** છે. **બનારસ**થી પ્રકટ થતા **"જૈન શાસન"** નામના પાક્ષિક પત્રના **દિવાળીના ખાસ અંકમાં મુનિ વિદ્યાવિજયજીએ 'શ્વેતાંબર પ્રાચીન કે દિગંબર' એવો એક લેખ** લખી પોતાના અંધ પ્રેમની પરાકાષ્ટા કરી છે. ડૉ. **ભાંડારકર**ની સાથેની મારી મુલાકાત વખતે **દિગંબર મત પ્રાચીન** છે એવો તેમનો અભિપ્રાય ઉક્ત મુનિશ્રીથી સહન નહીં થઇ શકવાથી તેમણે એ લેખ લખવાનો પ્રયત્ન કર્યો, પણ એવડો મોટો પ્રયત્ન કરી ડુંગર ખોદી ઉંદરજ કાઢયો છે. અને આખરે ચાર અંગ્રેજોનો આધાર આપીને પણ તેમનો લેખ પૂરો થયો નહિં તે બદલ મુની મહારાજ ઉપર અમને ઘણી કરૂણા

આવે છે. દિગંબર મતની ઉત્પત્તિ વિષે તેમણે પોતાના પુરાણમાંની કથાનું જે કાંઈ પ્રદર્શન કર્યું છે, તે વાંચવાથી હાસ્યજ આવે છે! વાહરે વાહ! શ્વેતાંબર પુરાણની દિગંબર મત વિષેની મીમાંસા! જરાક ઇતિહાસ અને યુક્તિ શાસ્ત્ર પ્રમાણે તો હોવી જોઈતી હતી? દિગંબર મત વિષે તેમણે પોતાની કલમથી કરેલું અને તેમના પુરાણના કર્તાઓએ કરેલું દિગદર્શન ખરેખરજ બરાબર નથી. તે કેવી રીતે છે, તે આગળ ક્રમથી જણાવીશજ. પણ "**દિગંબર અને શ્વેતાંબર ભાઇઓ જે જે બાબતોમાં મળતા હોય, તે તે બાબતોમાં મળીને તેઓએ વીરપ્રભુની ખરી ભક્તિ કરવાની છે**"—આ મત જાહેર કરનારા મુનીએ ફરીથી આ વાદમાં ઉતરવું એ નવાઈ જેવું છે. અસત્યવાદનો નિર્ણય જૈન લોક પોતપોતાના આમ્નાય પ્રમાણેજ કરે છે એટલા માટે અમે **ડૉ. ભાંડારકર જેવા ઇતિહાસ સંશોધક** વિદ્વાનનો મત લીધેલો છે, **પણ** તે અમારા મુની મહારાજને અયોગ્ય જણાયાથી તેમણે ડૉ. ભાંડારકર ઉપર પોતાની કલમ અજમાવી છે.

यः स्वभावो हि यस्यास्ति सनित्यं दुरतिक्रमः ।

એટલા માટે ચૂપ રહેવું એજ સારું છે.

ડૉ. ભાંડારકારનો હું પક્ષપાત કરતો નથી અથવા **મુનિ વિદ્યાવિજયજી**નો હું દ્વેષ કરતો નથી. મારે **હરિભદ્રસુરી**ના વચનાનુસાર

युक्तिमद्वचनं यस्य तस्य कार्य परिग्रहः । એ મુજબ

આ વખતે વર્તન રાખ્યાં કેટલાકની સૂચના મુજબ મથાળે લખ્યા પ્રમાણે "દિગંબર મતજ પ્રાચીન છે" એ સિદ્ધ કરી બતાવવું છે.

શ્વેતાંબર ભાઇઓએ આવા વાદમાં ન ઉતરવું એજ સારૂં છે, કારણકે જેમ વાદળાંથી છવાયલો ચંદ્ર વાદળાં વીખરાઇ જવે પૂર્ણ પ્રકાશમાન થાય છે તેમ... ... ...તે પ્રમાણે શ્વેતાંબર ભાઇઓ, " અમે પ્રાચીન, અમારો સંપ્રદાય પ્રાચીન, અને અમારાં શાસ્ત્ર પ્રાચીન " એમ ગમે તેટલું બોલે, તોપણ દિગંબર સંપ્રદાયની પ્રાચીનતા ત્રણે કાળ અખંડ રહેશે, અને તે કદી પણ નાશ પામવાની નથી. હાલના વખતમાં **દિગંબર શ્વેતાંબરોએ એક થઇ જૈન ધર્મની ઉન્નતિ કરવી એજ તેમનું ભૂષણ** છે, પણ આ વાત હજુ સુધી તેમના લક્ષમાં આવતી નથી તે જૈન સમાજનું દુર્દૈવ છે. અને ગત પચીસ પચાસ વર્ષના ઇતિહાસ તરફ દૃષ્ટિ કરીએ છીએ તો, દિગંબર મૂર્તિઓને ચક્ષુ કંદોરા બેસાડવાના અને તેમને શ્વેતાંબરી મુદ્રા કરવાની શ્વેતાંબરોની પ્રબળ ઇચ્છા અને કાર્ય-સીરપૂર, કુલ્પાક પાર્શ્વનાથ વગેરે સંબંધી કરેલો ભયંકર અત્યાચાર વીગેરે દિગંબરો ઉપર શ્વેતાંબરોએ જય મેળવવા માટે અદેખાઇથી જે કરેલો હશે. તો છેવટની ઘડી સુધી પણ શ્વેતાંબર મત અર્વાચીન છે એમજ કહેવાશે. આ બીના અમારા અર્વાચીન શ્વેતાંબર બંધુઓના લક્ષમાં આવતી નથી, એ ઘણું શોચનીય છે. તે ફરીથી તેમના હાથથી ન બને, એટલાજ માટે તેમને વિનયપૂર્વક સૂચના કરી મુખ્ય વિષય તરફ વળું છું.

વિષય પ્રવેશ.

પ્રથમ આ વાત લક્ષમાં રાખવી જોઇએ કે શ્વેતાંબર લોક દિગંબર લોકની અપેક્ષાએ ઘણાજ સુધારા (પ્રગતિ) ને ચાહનાર છે. તેમની સામાજીક સુધારણા ખૂબ ઝપાટાબંધ થાય છે. એકત્ર રોટી

વ્યવહાર, પરદેશ ગમન, વ્યાપારમાં સાહસ, જુદા જુદા દેશની સાથે વ્યાપાર, ગ્રંથો છપાવવા વીગેરે અનેક ધર્મ અને સમાજને ઉપયોગી સુધારા તેમની જ્ઞાતિમાં દાખલ કરવામાં આવે છે, તો તેમની જ્ઞાતિનો કોઇ પણ વાંધો ઉઠાવતું નથી. આ જેવા **સંસારોપયોગી સુધારા** છે તેવા **ધર્મોપયોગી સુધારા** પણ તેમના સાધુ વર્ગમાં ચાલેલા છે. પાઠશાળા, હાઇસ્કુલ, પાંજરાપોળ, શીખવવા માટે વિદ્યાર્થીઓને પરદેશ મોકલવા, પારકા દેશમાં ધર્મ પ્રચાર, ધર્મ ગ્રંથ છપાવવા અને તેમનો બધે ફેલાવો કરવો વીગેરે અનેક બાબતો તેમના ધાર્મિક સુધારાનું દિગ્દર્શન કરાવે છે. આ દૃષ્ટિએ જોતાં **દિગંબર જૈન સમાજ ઘણોજ પછાત** છે. શ્વેતાંબર ભાઇઓની આ પરંપરા પહેલેથીજ છે એમ કહેવામાં કાંઇજ હરકત નથી, એટલા માટે દિગંબર લોક (Conservative) મૂળ રિવાજને વળગી રહેનારા અને શ્વેતાંબર લોક (Liberal) સુધારા વધારા કરનારા છે એમ કહેવામાં કાંઇ વાંધો નથી. પહેલેથીજ તેઓ (liberal) સ્વતંત્રતાને ચહાતા હોવાથી તેમણે દેશ કાળ અને સમય અનુસાર ઘણાજ જલદી સુધારા પોતાનામાં દાખલ કર્યા છે. પહેલાં શ્રી **મહાવીર તીર્થંકર** સુધી ઉંચી શ્રેણીના જૈન મુની " **નિગ્રંથ, નગ્ન, દિગંબર** " હતા એ વાત તેમને કબુલ છે અને તે બદલ તેમણે માનેલો '**કલ્પસુત્ર**' નામનો ગ્રંથ આ વાતની સારી સાક્ષી આપે છે, પણ સુધારો તેમની પણ પહેલાં શરૂ થયેલો હોવાથી તેમની પછી **ભદ્રબાહુસ્વામી**ના વખતમાં જ્યારે મોટો **દુકાળ** પડ્યો અને નગ્નપણે રહી શકાયું નહિં, ત્યારે " મુનીએ વસ્ત્ર પેહેરવાં " એવો સુધારો કર્યો અને તે શ્વેતાંબર લોક **હજુ હાલ** પણ કબુલ કરે છે. શ્વેતાંબર મતના ગ્રંથ અને તેમણેજ લખેલા ગ્રંથોના આધારેજ આજ આપણેજ દિગંબર

મત પહેલાંનો પ્રાચીન છે અને શ્વેતાંબર મત અર્વાચીન છે એ બતાવવાનું છે. માત્ર શ્વેતાંબર ભાઇઓ પહેલેથીજ સુધારા પક્ષના છે એ વાત વાંચકોએ ભુલવી જોઇએ નહિ.

શ્વેતાંબર ભાઇઓની વિચાર ભૂલ.

હું જ્યારે નાનો હતો ત્યારે સોલાપુરની હાઇસ્કુલ, જોવા ગયો હતો. હાઇસ્કુલ એટલે અંગ્રેજી શીખવનારી સ્કુલ એટલીજ માત્ર મને ખબર હતી. ત્યાં ગયા પછી ત્યાંના એક માસ્તરને મેં પૂછ્યું કે અહીંઆં ચોથી પાંચમી સાતમી ચોપડી સૂધી શીખાય છે કે શું ? ત્યારે તેમણે મને કહ્યું કે 'હા'. ત્યારે મેં કહ્યું કે આ શાળાને અમારા ગામની નીશાળની પેઠે ઍંગ્લો વર્નાક્યુલર સ્કુલ કેમ કહેતા નથી ? ત્યારે તેમણે કહ્યું કે, સાત ધોરણ સુધી શીખવતી બધી શાળાઓને હાઇસ્કુલ કહેવામાં આવે છે અને સાતથી ઓછાં ધોરણ શીખવનારી બધી શાળાને ઍંગ્લો વર્નાક્યુલર સ્કુલ કહે છે. એ ઉપરથી હું મનમાં સમજ્યો કે હાઇસ્કુલ કહી એટલે સાત ધોરણ સુધી શિક્ષણ આપનારી વિદ્યાલય સમજવી.

તેજ પ્રમાણે મેં એકાદ ગ્રેજ્યુએટને પૂછ્યું કે જે બી. એ. થાય છે તે **મેટ્રીક્યુલેશન**, **પ્રીવીઅસ**, **ઇન્ટરમીજીએટ**ની પરીક્ષા આપી બી. એ. થાય છે કે એકદમ **બી. એ.**ની ફક્ત પરીક્ષા આપી ગ્રેજ્યુએટ થાય છે ? ત્યારે તેણે કહ્યું કે આ બધી પરિક્ષા આપ્યા વગર બી. એ. થવાય નહીં. ગ્રેજ્યુએટ એટલે આટલી પરીક્ષા આપ્યા પછી આખરે બી. એ. ની પરીક્ષામાં પાસ થયેલો ગ્રહસ્થ સમજવો. ગ્રેજ્યુએટ કહ્યા એટલે એના પેટામાં આ બધી પરીક્ષાઓ આવી જાય છે, ત્યાર પછી ગ્રેજ્યુએટને ઉપરની બધી પરીક્ષાઓ આપવી

પડે છે અને તે પાસ કર્યા પછી તે ગ્રેજ્યુએટ કહેવાય છે એમ સમજવામાં આવ્યું. જો એ પરીક્ષાઓ પાસ ન કરી હોય, તો તેને અંડર ગ્રેજ્યુએટ અથવા બીજી પદવી અપાય છે.

હે વાંચકો! ઉપરના આ બે ઉદાહરણનો અર્થ પૂરેપૂરો ધ્યાનમાં રાખો. તેનો ભાવાર્થ એ છે કે કોઈ પણ સંસ્થાનો ઉંચો દર જો પસાર કરેલા ગૃહસ્થનામાં તે સંસ્થાથી ઉતરતા સામાન્ય દરજ્જાઓનો આપો આપ સમાવેશ થાય છે. જેમકે મેટ્રીક એટલે સાત ધોરણ સુધી શીખેલો, બી. એ. એટલે મેટ્રીક, પ્રીવીઅસ, ઇન્ટરમીજીએટ વગેરે શીખેલો હોય છે, તેજ પ્રમાણે **લોકમત** એવો છે કે **ઉચ્ચ શ્રેણી જેણે પ્રાપ્ત કરી છે, તેનામાં સામાન્ય બધી શ્રેણીઓ આવી જાય છે,** એમ સમજી ઉચ્ચ શ્રેણીની જે પદવી હોય તે પદવીથી તે ગૃહસ્થને, સંસ્થાને અથવા કર્તવ્ય મર્યાદાને કહેવામાં આવે છે એટલે કે **નામ** આપવામાં છે. અને મેં ઉપર **શ્વેતાંબર ભાઈઓની વિચાર ભૂલ** થયેલી છે એમ જે કહ્યું છે તે આજ દૃષ્ટિથી સમજવાની છે.

શ્વેતાંબર ભાઇઓ જે **પ્રમાણ ગ્રંથ** માને છે તે ગ્રંથોમાં **મહાવીરે** દિગંબર **વૃત્તિ સ્વીકારી તપ કરેલું છે** એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. અગીઆર પ્રતિમા ધારણ કરનારા બધાને જો શ્વેતાંબર કહેવામાં આવે, તો હરકત નથી, કારણ તે લંગોટ પ્રમાણે કપડું પાસે રાખે છે, પણ તેની ઉપરની પાયરીવાળા મહામુની નગ્ન હોવાથી દિગંબર લાગે છે, માટે તેને દિગંબર કહેવા જોઇએ. હાઈ સ્કુલ, ગ્રેજ્યુએટ એ નામો બોલાય તો જેમ સાધારણ સાત ધોરણ અને આગળ મેટ્રીક, પ્રીવીઅસ, ઈન્ટરમીજીએટ, બી. એ. સુધીનો

સમાવેશ થાય છે, તેમજ દિગંબર કહીએ એટલે વસ્ત્ર ધારણની સામાન્ય શ્રેણીથી તે વસ્ત્ર છોડતાં સુધીની એટલે દિગંબર થતા સુધીમાં બધી શ્રેણીઓનો તેમાં સમાવેશ થાય છે. **અંતિમ સાધ્ય જે નગ્ન સ્થિતિ છે તેને જૈનોએ દિગંબર એવું નામ આપ્યું છે.**

શ્વેતાંબર શાસ્ત્રમાં જૈન મુનીના ઉંચા બે દરજ્જા (શ્રેણી) કહેલા છે. એક **સ્થવિર કલ્પ** અને બીજો સૌથી શ્રેષ્ટ એવો **જીનકલ્પ**. જીનકલ્પ વિષેનું કથન કેવળ દિગંબર વૃત્તિને પુષ્ટિ આપે છે. દિગંબર દિક્ષાનુંજ જીનકલ્પ એ નામ છે. આ બધા કરતાં શ્રેષ્ટ શ્રેણી છે, પણ શ્વેતાંબર ભાઇઓ કહે છે કે **જંબુસ્વામી** પછીથી આ પરિપાટી બદલાઈ ગઇ, કારણ કે દિગંબર આમ્નાય એમ માનતા નથી. તમે આ પરિપાટી પાળતા નથી તેથી શું થયું ? એક વખત પ્રચલિત થયેલી પરિપાટીને તમે માની નહિં, માટે તે પરિપાટીનું પ્રાચીનત્વ નાશ થયું કે શું ? અર્થાત્ તે પરિપાટી જેટલી પ્રાચીન તેટલું તેનું મહત્વ વધારે. શ્વેતાંબર ભાઇઓ કહે છે કે—આ પરિપાટી નાશ થઇ, માટે અમે એને માનતા નથી અને પ્રધાન ગણતા નથી: પણ હાઇસ્કુલ અથવા ગ્રેજ્યુએટ કહીએ કે તેના અંગભૂત સામાન્ય દરજ્જાનો જેવો સમાવેશ થાય છે, તેવીજ રીતે જીનકલ્પ અર્થાત્ દિગંબર વૃત્તિનું નામ લીધું એટલે તેમાં વસ્ત્ર ધારણ કરવાની સામાન્ય પાયરીથી વસ્ત્ર અને સર્વસંગ છોડી નગ્ન વૃત્તિ સ્વીકાર કરતા સુધીની બધી શ્રેણીઓનો સમાવેશ થતો નથી કે શું ? અર્થાત્ જીનકલ્પમાં–દિગંબર વૃત્તિમાં—શ્વેતાંબરોએ માનેલા બધા દરજ્જાનો સમાવેશ થઇ **દિગંબર દરજ્જો શ્રેષ્ટતમ** ઠરે છે. અને આમ જ્યારે યુક્તિવાદથી

સિદ્ધ થાય છે, તો પછી શ્વેતાંબર મતની પ્રધાનતા ક્યાં રહી? દિગંબર આમ્નાયમાંજ શ્વેતાંબર મતનો સમાવેશ નહિ થયો શું? હે વાંચકો! ગ્રેજ્યુએટ અને હાઇસ્કુલ એ ઉપરના દૃષ્ટાંતથી કરોડો યુક્તિવાદથી શ્વેતાંબર મત પ્રધાન ઠરે છે કે દિગંબર મત પ્રધાન ઠરે છે એનો તમેજ નિર્ણય કરો. હે વાંચકો! આને શ્વેતાંબરોની દૃષ્ટિભુલ–વિચારભુલ સિવાય બીજું શું કહેવું? શિંગડા કાપી નાંખેલી ગાયને જેમ કોઈ વાછરડું કહેશે નહિ પણ શિંગડા વગરની ગાય એમજ કહેશે તેજ પ્રમાણે શ્વેતાંબર ભાઇઓનો પ્રાચીન અને પ્રધાન આમ્નાય છે એમ સુજ્ઞ ઇતિહાસ જાણનાર કદી કહેશે નહીં.

કલ્પસૂત્રમાંથી દિગંબર માટેનો પુરાવો.

કલ્પસૂત્રમાં મહાવીરે વસ્ત્ર ત્યાગ કરી નગ્નત્વ સ્વીકાર કર્યાનો ઉલ્લેખ છે. કલ્પસૂત્રનું અંગ્રેજી ભાષાંતર પ્રો. **હર્મન જેકોબી**એ કરીને છાપેલું છે તે સેક્રેડબુક ઓફ ધી ઇસ્ટ વૉલ્યુમ ૨૨ મું ભાગ ૧ લો તેનું પાનું ૨૫૯ જુઓ:—

The Venerable Ascetic Mahavir for a year and a month wore clothes and after that time he walked about **naked** and accepted the alms in the hollow of his hands.

એનો **અર્થ** એ છે કે પૂજ્ય મહાવીરે એક વર્ષ અને એક માસ સુધી વસ્ત્ર ધારણ કર્યાં અને તે પછી તે **દિગંબર** થઇ વિહાર કરી પાણી પાત્રમાં (હાથ એજ પાત્ર) માં દાન ગ્રહણ કરવા લાગ્યા. હે વાંચકો! કલ્પસૂત્રે આપેલી આ સાક્ષી ધ્યાનમાં લ્યો અને શ્વેતાંબર પ્રાચીન કે દિગંબર પ્રાચીન

૪૦૭૫

એનો નિર્ણય કરો, કારણ કે મહામુની થતી વખતે મહાવીર દિગંબર થયા હતા અને દિગંબર અવસ્થામાંજ નિર્વાણ પ્રાપ્ત કર્યું. શ્વેતાંબર મત પ્રાચીન છે એમ બતાવવા મુનિવિદ્યાવિજયજીએ કંઈક અર્વાચીન હિંદુ ધર્મ શાસ્ત્ર તરફ દૃષ્ટી દોડાવી છે, પણ તેમણે ટાંકેલો **શીવપુરાણ**ના અધ્યાય ૬૧ માંનો ઉતારો એ અર્વાચીન છે એટલું કહ્યું એટલે બસ છે, કારણ કે અર્વાચીન પુરાણકર્તાઓએ જૈન ધર્મનું વર્ણન કરતાં કંઇ કંઈ શ્વેતાંબર સાધુનુંજ વર્ણન કર્યું છે. હવે શીવપુરાણ અર્વાચીન કેમ છે તે માટે સાક્ષીદાર '**આર્યધર્મ**' નામનુ માસીક પુસ્તક છે તેના પુરાવાઓ જુઓઃ—

ઉતારાઓ.

(૧) પૌરાણીક મંડળીએ જૈનલોકોના **આદિ** અને **ઉત્તરપુરાણ** માફક **અઢારપુરાણ** અને **અઢાર ઉપપુરાણ** બનાવ્યાં. આ પ્રમાણે મૂર્તિ પૂજા અને પુરાણોનો ફેલાવો થયો અને તેથી શુદ્ધ વૈદિક ધર્મ ધીમે ધીમે લોપ થયો.

(૨) **ભોજરાજા**ની પછી દોઢસો વર્ષે વૈષ્ણવ મતનો પ્રારંભ થયો. **કંજર** જાતમાં **શઠકોપ** મનુષ્ય પેદા થયો હતો તેણે આ મતનો થોડોક પ્રચાર કર્યો. પછી **ચંડાળ કુળના મુનિવાહન** અને **યવન-કુળના યાવાનાચાર્ય** થયા, તેમણે આ મત ફેલાવવા ઘણીજ ખટપટ કરી. પછી ચોથો બ્રાહ્મણ કુળનો **રામાનુજ** થયો તેણે આ મત ઘણોજ ફેલાવ્યો. શૈવોએ **શિવ પુરાણ** વીગેરે બનાવ્યાં. શક્તિવાળાએ દેવી ભાગવત વીગેરે અને વૈષ્ણવોએ વિષ્ણુ પુરાણ લખ્યાં. તે તે પુરાણોમાં પોતાનું નામ એટલા માટે નહીં લખ્યું કે તેમ કર્યાથી પોતાના ગ્રંથ કોઇ વાંચશે નહીં માટે તેમણે આ પુરાણો **વ્યાસનાં બનાવે-**

લાં છે એમ જાહેર કર્યું ! વાસ્તવિક રીતે આ પુરાણ નહીં, પણ નવીન ગ્રંથો છે, પણ જેમ કોઇ ગરીબ હોય અને નામ સોનાબાઇ રાખે છે તેજ પ્રમાણે નવીન ગ્રંથને પુરાણ કહેવા લાગ્યા. ('આર્ય ધર્મ' માસિકના શાકે ૧૮૨૯ના ભાદરવા માસનો અંક.)

હે વાંચકો ! આ ઉપરથી શૈવોનું શીવપુરાણ એ ઇ. સ. ના આઠ નવ સૈકા પછી લખાયું છે, એ સ્પષ્ટ સાબીત થાય છે, માટે **શિવપુરાણ**નો શ્વેતાંબર સાધુનો ઉતારો જો વ્યાસના નામનો હોયતો તો અર્વાચીન છે અને મુની વિદ્યાવિજયજીના કહેવા પ્રમાણે શીવપુરાણમાંનો અધ્યાય ૨૧ અને ૨૫ના ઉતારા દિગંબર આમ્નાય સંબંધી છે એમ હું સિદ્ધ પણ કરી બતાવતો નથી. કારણકે તે ઉતારા અર્વાચીન શ્વેતાંબર સાધુના છે. અને હિંદુઓના અર્વાચીન શૈવપુરાણ ઉપર વ્યાસનું નામ નકામું ગોઠવેલું છે, પણ તેજ પ્રાચીન હિંદુના મહાભારત જેનો ઉતારો વિદ્યાવિજયે આપ્યો છે અને જે ફરીથી નીચે હું દાખલ કરૂં છું તે ઉપરથી વ્યાસે મહાભારત લખતી વેળા માત્ર દિગંબર પંથજ અસ્તિત્વમાં હતો અને તેને અનુસરીનેજ વ્યાસે ભારતમાં નગ્ન દિગંબર મુનિનો ઉલ્લેખ કર્યો છે, તે એ છે કેઃ—

પ્રાચીન મહાભારતનો દિગંબર મતની પુષ્ટિમાં પુરાવો.

साधयामस्तावादित्युक्तवा मातिष्ठतोत्तङ्कस्ते कुण्डले गृहित्वा सोऽपश्यदथ पथि नग्नं क्षपणकमागच्छन्तं मुहुर्मुहुर्दृश्यमानमदृश्यमानं च ।

એટલે કે કોઇએક ઉત્તંક નામનો વિદ્યાર્થી પોતાની ગુરૂપત્નિ માટે કુંડળ લેવા ગયો હતો, ત્યારે રસ્તામાં પાછા આવતાં તેણે

વારંવાર કંઇક દેખાતા કંઇક નહીં દેખાતા એવા એક **નગ્ન ક્ષપણક (દિગંબર મુનિ)** જોયા.

આ ઉપરથી પ્રાચીન મહાભારતમાં દિગંબર મુનીનુંજ વર્ણન કરેલું છે, એમ નગ્ન શબ્દ જોતાંજ માલુમ પડે છે; તોપણ મુની વિદ્યાવિજયજીએ નગ્ન સાધુ અમારા છે, કારણ કે જીનકલ્પ અમોને માન્ય છે એમ કહી તે નગ્ન દિગંબર મુનીનું વર્ણન શ્વેતાંબર મતનુંજ છે એમ કહેવામાં તેમણે કાંઇ બાકી રાખ્યું નથી. ધન્ય મુનીજી ! જેવો રંગ આવે તેમ કાચંડા પ્રમાણે રંગ બદલવા તૈયારજ. વાહ વાહ !!! વાંચકો, હવે તમે વિચાર કરો કે એક વ્યાસજી શ્વેતાંબર સાધુનું વર્ણન શીવપુરાણમાં આપે છે અને બીજા વ્યાસજી મહાભારતમાં દિગંબર સાધુનો ઉલ્લેખ કરે છે. આથી એકજ માણસથી બે પ્રકારનું વર્ણન થવું સંભવિત છે કે ! નહીંજ. શીવપુરાણનો વ્યાસ નામધારી અર્વાચીન વ્યાસ છે અને પ્રાચીન મહાભારતના વ્યાસ ખરા છે. અર્થાત્ અસલ અને નકલ વચ્ચેનો તફાવત સ્પષ્ટ માલુમ પડે છે. પ્રાચીન મહાભારતના વખતમાં શ્વેતાંબરી નામ માત્ર પણ મત નહોતો, દિગંબરીજ હતો, માટે વ્યાસે "**નગ્ન ક્ષપણક**" દિગંબર સાધુનો ઉલ્લેખ કર્યો છે. **શીવ પુરાણ** લખાયું, ત્યારે શ્વેતાંબરોનો ઘણો ફેલાવો હતો, માટે ૮–૯ મા શતકના શીવપુરાણ કર્તાઓએ શ્વેતાંબરોનો ઉલ્લેખ કર્યો છે. ટુંકમાં પ્રાચીન હિંદુ શાસ્ત્ર મહાભારત પણ દિગંબર મતને અનુકુળ છે.

પ્રાચીન હિંદુધર્મશાસ્ત્ર ભાગવતનો પુરાવો.

ભાગવતમાં પણ ઋષભદેવે નગ્ન—દિગંબર દીક્ષા લીધી એવો જે દિગંબર મતપોષક ઉલ્લેખ છે તે એ છે કેઃ—

एवमनुशास्यात्मजान्स्वयमनुशिष्टानपि लोकानुशायनार्थं महानुभावः परमसुहृद भगवानृषभोपदेश उपशमशीलानां उपरतकर्मणां महामुनीनां भक्तिज्ञान वैराग्यलक्षणं पारमहं स्यधर्म मुपशिक्ष्यमाणः स्वतनयशत ज्येष्ठं परमभागवतं भगवज्जनपरायणं भरतं धरणिपालनायाभिषिच्य स्वयं भवनरवोर्वरित शरीरमात्र परिग्रह उन्मत्त इवगगनपरिधानः प्रकीर्णकेश आत्मन्यारोपिता हवनीयो ब्रह्म वर्त्तात्प्रवव्राज ।

(ભાગવતસ્કંધ ૫ અં. ૫ શ્લોક ૨૮)

અર્થઃ—પ્રભાવશાલી, સર્વપ્રિય, સર્વકર્મ રહિત, પરમસુશીલ, ભગવાન **ઋષભનાથ** આ પ્રમાણે પોતાના પુત્રોને ઉપદેશ આપીને તેમાંના સૌથી મોટા પરમ ભાગ્યશાળી ભગવજ્જન પરાયણ એવા **ભરત**નો પૃથ્વીનું રક્ષણ કરવા રાજ્યાભિષેક કરી પોતે મહામુનીઓને ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યથી પૂર્ણ એવા **પરમહંસ ધર્મ**નો (**દિગંબર મત**નો) ઉપદેશ કરતા હવા. સંસારમાં કેવળ શરીરનેજ ધારણ કરનારા, ઉન્મત્તની પેંઠે અહીં તહીં કેશ વિખરાયેલા એવા **ગગનરૂપી વસ્ત્ર** ધારણ કરી અર્થાત્ દિગંબર બનીને પોતાના કર્તવ્યનો વિચાર કરતા બ્રહ્મવર્તમાંથી (હસ્તિનાપુરની ઈશાન તરફનો પ્રદેશ) નીકળી પડયા. બંધુઓ ! આ ભાગવતનો દિગંબર મતને સાબીત કરતો પુરાવો જુઓ. આ ઉપરથી હિંદુઓના ભારત ભાગવતાદિ પ્રાચીન ગ્રંથ નગ્ન મતને–દિગંબર મતને કેવી પુષ્ટિ આપે છે તે સહજ સમજાશે. શ્વેતાંબર મત જો દિગંબર મતથી જૂનો હોત તો સંસ્કૃતમાં જે " गगन परिधानः" એવું જે લખ્યું છે તેને બદલે ગ્રંથકર્તા "श्वेतांबर परिधानः"

એવું લખવામાં શી હરકત હતી ? પણ પ્રાચીન ભારતખંડમાં શ્વેતાંબરોનો બીલકુલ પત્તોજ જ્યારે નહોતો, તો તે અર્વાચીન શ્વેતાંબર મતનો ઉલ્લેખ કેવી રીતે કરે ? સારાંશકે શ્વેતાંબર એ અર્વાચીન પંથ અને દિગંબર એ પ્રાચીન પંથ છે એ વાત ઉપરના વિવેચન ઉપરથી ખરી ઠરે છે. તે સીવાય વળી લોક રૂઢી જોઇએ તો 'જૈનના દેવ નાગા' એ વાત બધા ભારતવાસીઓની જાણમાં છે. આજ શ્વેતાંબર જ્યારે પોતાને જુના કહેવડાવવાની હોંશ ધરાવે છે, તો આટલા પ્રાચીન કાળથી ચાલતા શ્વેતાંબર મત વિષેની અજ્ઞાનતા લોકમાં હતી કે શું ? તેમના દેવોના આંખે ચક્ષુ, કપાળે લેપ, કમ્મરે કંદોરો અને શરીર ઉપર આંગી વીગેરે વસ્ત્રો હોય છે તો લોક—'જૈનના દેવ નાગા છે' એવું શા માટે કહે છે ? શ્વેતાંબરના દેવ જો નગ્ન નહોતા, તો લોકમાં આ કહેવાની રૂઢી ક્યાંથી આવી ? સાર એકે શ્વેતાંબર ભાઇઓની **આ રૂઢી પ્રાચીન નથી**, **પણ અર્વાચીન** છે. માટે લોકોને હજુ પણ તેમના વિષેની ઓછી માહિતી છે અને આજ વાત તેમના અર્વાચીનપણાની સાબીતિ આપે છે.

શ્વેતાંબર પ્રાચીન કે દિગંબર પ્રાચીન એ વિષે હાલ આટલુંજ વિવેચન હે ભાઇઓ, તમારી આગળ કરી ન્યાયબુદ્ધિથી ઉપરની બાબતનો વિચાર કરો. એટલુંજ તમને સૂચવીને **મુનિ વિદ્યાવિજયજી**એ દિગંબર મતપર અને ડૉ **ભાંડારકર** ઉપર જે કાંઇક કહ્યું છે તેનું નિરાકરણ કરવા બીજા મુદ્દા ઉપર આવું છું.

શ્વેતાંબર ઉત્પત્તિ.

(૨) દિગંબર મતનાં ધર્મશાસ્ત્રોમાં શ્વેતાંબર પક્ષ—**ભદ્રબાહુના** વખતમાં **બાર વર્ષનો ભયંકર દુકાળ** પડ્યો હતો ત્યારે **ભદ્રબાહુ**

મુનીએ અવધિ જ્ઞાનથી દુકાળનું ભયંકર રૂપ જાણી જૈનમુની સંઘને બીજે સ્થાને જવાની સલાહ આપી. તે ઉપરથી કેટલાએક દક્ષિણમાં કર્ણાટક તરફ ગયા અને કેટલાક પાટણ તરફજ રહ્યા. તેમનાથી પાછળથી ધર્મક્રિયા બરાબર ન થવાથી પોતાની તીર્થંકર પ્રણીત ક્રિયામાં એક પછી એક સુધારા કરવાનો આરંભ કર્યો. દુકાળના વખતમાં જૈનમુની નગ્ન અવસ્થામાં કોઇએક ગર્ભવાળી સ્ત્રીને ઘેર ભિક્ષા માટે ગયા ત્યારે મુનીનું ભયંકર રૂપ જોઇને તેનો ગર્ભ તુટી ગયો એટલે મુનીઓ વસ્ત્ર ધારણ કરવા લાગ્યા. ભિક્ષા માટે જતી વખતે પાછળ કૂતરા પડવા લાગ્યા તેથી જૈન મુનીઓ હાથમાં દંડ ધારણ કરવા લાગ્યા વીગેરે વીગેરે ક્રિયામાં ફેરફાર પાટણમાં રહેલા જૈન મુનીઓએ કર્યો. દુકાળ મટી ગયા પછી પહેલાં જે મુનિ દક્ષિણમાં ગયા હતા તે જ્યારે પાછા આવ્યા ત્યારે આવા સુધારા! તેમણે જોયા અને સુધરેલા! મુનીઓએ દુકાળના વખતમાં કરેલા ફેરફાર છોડ્યા નહિં, તે ઉપરથી પહેલાંના દિગંબરી નગ્ન મુનીઓએ તેમના આચરણ વિધે નિષેધ પ્રદર્શિત કર્યો અને તેમનું **નામ શ્વેતાંબર** પાડ્યું વીગેરે વીગેરે વર્ણન **ભગવાન કુંદકુંદાચાર્યના ચરિત્રમાં** મેં અગાઉ આપેલું છે, જે જીજ્ઞાસુએ જોઈ લેવું. આ શ્વેતાંબર મતની ઉત્પત્તિનો પ્રારંભ છે. તેનું જૂદાપણું આગળ કુંદકુંદાચાર્યના વખતથી થઇ શ્વેતાંબર પંથ જૂદો ગણાવા લાગ્યો અને તેનો દીવસે દિવસે સુધારાથી વિશેષ પ્રચાર થયો.

આ વિવેચન પણ કેટલાક સમજુ શ્વેતાંબરને કબુલ છે. જેઓ દુકાળના વખતમાં જૈનોમાં દિગંબર અને શ્વેતાંબર એવા પંથ પડ્યાનું નિર્વિવાદપણે કબુલ કરે છે. શ્વેતાંબર સંઘમાં **પંડિત લાલન** અને

શ્વેતાંબર સાધુઓનો જે **ઝઘડો** થયો હતો તે ઉપરથી એવું અનુમાન નીકળે છે કે શ્વેતાંબરી ભાઇના કરતાં શ્વેતાંબરી સાધુઓજ વધારે **હઠ** કરનારા હોય છે અને તેઓ ન્યાયની કોઇપણ વાત એકદમ માનતા નથી. એટલુંજ મારે અત્રે જણાવવાનું છે તે ઉપરથી હું પણ એવુંજ અનુમાન કરૂં છું કે સુજ્ઞ શ્વેતાંબર ભાઇઓના કરતાં શ્વેતાંબર સાધુ કેટલીક બાબતોમાં દુરાગ્રહી દેખાય છે. તે કેવી રીતે તે પાછળના વિવેચન ઉપરથી સમજાયું હશે. દુકાળના વખતમાં **જૈન**માં દિગંબર અને શ્વેતાંબર એવા પક્ષ થયાનું કોઇપણ શ્વેતાંબર સાધુ હજુ પણ દુરાગ્રહથી કબુલ કરતા નથી. જ્યારે શ્વેતાંબર સાધુ **બાલચંદ્ર**ની સાથે મારે વાદ થયો ત્યારે તેમણે પણ આ વાત કબુલ કરી નહિં. અને હજુ આ **વિદ્યાવિજયજી** મુની પણ નાકબુલ જાય છે, પણ આજ બીના **સમજુ** અને વિદ્વાન ઇતિહાસ સંશોધક **જૈન** શ્વેતાંબર બંધુ મી. **યુ. ડી. બરોડીઆ** શ્વેતાંબર **"જન ગ્રેજ્યુએટસ એસોસીએશન"** તરફથી છાપેલા પોતાના **"જૈનીઝમ્"** નામના અંગ્રેજી પુસ્તકમાં લખે છે કે:—

The troubles of the famine also produced a change in the manners and customs of Jains. Nakedness was the practice of Lord Mahawír and his immediate followers. But gradually this rule was slackened and wearing of clothes was allowed to the weaker members of the ecclesiastical community. But in these disordered times the rule of nudity was wholly abandoned by the monks, who did not emigrate either to Carnatic or Nepal but remained behind in Behar, they were constrained to put on some sort of dress and generally were white

garments. On the other hand, the zealous self-exiled Monks strictly observed the old rule. When the emigrants returned home, on the restitution of Peace and Plenty, they refused any longer to hold fellowship with the party that had abandoned the ideal practice of Nakedness adopted by the Lord Mahawir and the two parties remained from this period quite distinct from each other. Here were sown the seeds that grew up afterwards into the divisions of Jain the Digambars and Swetambars.

અર્થ:—દુકાળની પીડાથી પણ જૈનોની રીતભાતમાં એક પ્રકારનો ફેરફાર થયો. મહાવીર અને તેની પહેલાના અનુયાયીઓનો નગ્નપણે રહેવાનો રિવાજ હતો, પણ આસ્તે આસ્તે આ રિવાજ મંદ પડવા લાગ્યો. અને સાધુ વર્ગમાંના અશક્ત મુનીને કપડાં ધારણ કરવાની રજા આપવામાં આવી, પણ આ આફતના વખતમાં જે સાધુ કર્ણાટકમાં અથવા નેપાળ તરફ ગયા નહિં અને બિહારમાંજ રહ્યા તેમણે હમેશને માટે દિગંબરપણે રહેવાનું છોડી દીધું, અને તમને (દુકાળને લીધે) કોઇપણ જાતનાં કપડાં પેહેરવાની જરૂર પડી. અને ઘણુંખરૂં તેઓ શ્વેત વસ્ત્ર પેહેરતા. (દુકાળના વખતમાં મગધ અને બીહાર પ્રાંતમાં રહેલા જૈન સાધુની આવી દશા થઇ.) પણ જે ચુસ્ત ધર્માભિમાની બીજી જગ્યાએ જતા રહ્યા, તે દૃઢ રીતે પોતાના જુના ધર્મઆચાર (દિગંબર વૃત્તિથી રહેવાનું) પાળવા લાગ્યા. પછી જ્યારે સમૃદ્ધિ અને શાંતિ થઇ અને દેશાંતર ગયેલા સાધુ પાછા આવ્યા, ત્યારે જેમણે મહાવીરની દિગંબરપણે રહેવાની **ઉત્તમ વૃત્તિ** છોડી હતી, તેમની સાથે રહેવાની તેમણે ના પાડી અને તે વખતથી આ **બે પક્ષ**

એક બીજાથી તદ્દન જુદા રહ્યા. અને દિગંબર અને શ્વેતાંબર એમ જૈનનાં બે તડનાં બીજ અહીંઆં રોપાયાં. ફકત એક વસ્ત્ર ધારણ કરવાની બાબતથી એ મોટા ભાગ થયા.

પ્રિય વાંચક! **મી. બરોડીઆએ** આપેલી શ્વેતાંબર મતની ઉત્પત્તિનો પુરાવો પુરેપૂરો ધ્યાનમાં લ્યો. અગાઉ મેં **કુંદકુંદાચાર્યના ચરિત્રમાં** શ્વેતાંબર મતની ઉત્પત્તિ માટે આવોજ ઉલ્લેખ કર્યો હતો, ત્યારે **યતિ બાલચંદ્રે** તે વાત માની નહોતી. હવે શ્વેતાંબર વિદ્વાન પદ્વીધારકે આપેલી શ્વેતાંબરની ઉત્પત્તિ વિષેની માહિતી તેમને માન્ય થશે અને હવે તો શ્વેતાંબર પંથ એ મહાવીરસ્વામી પછીના દુકાળના વખતથી ઉત્પન્ન થયેલો છે એમ કબુલ કરશે એવી આશા છે. ભદ્રબાહુના વખતમાં શ્વેતાંબર મતનાં **બી** રોપાયાં, પછી તે વધતાં વધતાં **વિક્રમ સંવત ૧૩૬**માં ઝામ્યો, તેથી **જૈન ઇતિહાસકારોએ શ્વેતાંબર મત વિ. સં. ૧૩૬માં સ્થાપન થયો એમ લખ્યું છે.**

કુંદકુંદાચાર્યના વખતમાંજ દિગંબર શ્વેતાંબર બદલ ગિરનાર પર્વતપર વાદ થયો, તે વેળા દિગંબર પ્રાચીન અને શ્વેતાંબર અર્વાચીન ઠર્યા. દિગંબર આમ્નાયજ પ્રાચીન અને તેની સાથેનો વિરોધ જગજાહેર હોવાથી ઘણા બ્રાહ્મણ વિદ્વાનોએ દિગંબર મતનોજ તેમણે પોતાના ગ્રંથમાં ઉલ્લેખ કર્યો છે. મહાભારતનો ઉતારો તો પહેલાં આપ્યોજ છે, તે ઉપરાંત:—

पद्मासन समासीनः श्याम मूर्ति दिगंबरः ।
नेमिनाथः शिवोऽथैवं नाम चक्रेऽस्य वामनः ॥

'प्रभासपुराण'

ॐ पवित्रं पुरुहुतमध्वरं नग्नमुपावि प्रसामहे एषां जाति-येषां वीरा ॥ 'ऋग्वेद'

ब्राह्मणा भुञ्जते नित्यं नाथवंतश्च भुञ्जते ।
तापसा भुञ्जते चापि श्रमणाश्चैव भुञ्जते ॥

'रामायण बालकांड'

श्रमणा दिगम्बराः श्रमणा वातवसनाः

इति निघंटुः

વગેરે અનેક પ્રાચીન હિંદુ ધર્મ શાસ્ત્રમાં જૈનના દિગંબર એટલે નગ્નપણાનો ઉલ્લેખ છે. અને તે ઉપરથી દિગંબરનીજ પ્રાચીનતા સાબીત થાય છે. **મી. બરોડીઆના** ઉપરના ઈંગ્રેજી ઉલ્લેખ ઉપરથી એ વાત સિદ્ધ થાય છે કે પહેલાં જૈનમાં બધા નગ્ન અથવા દિગંબર સાધુ હતા. દુષ્કાળને લીધે નવીન પ્રચાર જૈન સાધુમાં થયો અને તે જૈન સાધુનો વસ્ત્ર ધારણ કરવાનો છે. અર્થાત્ **શ્વેતાંબર પંથ** જૈનોમાં નવો થયો એટલે તે દિગંબર અપેક્ષાએ અર્વાચીન છે તે ઉઘાડું છે.

આ પ્રમાણે શ્વેતાંબર મતની અર્વાચીનતા અને દુકાળ વખતે તે પંથ સ્થપાયો, તે આ ઉપરથી સાબીત થાય છે. આ દુકાળ ઇ. સ. પૂર્વે ૪ થા સૈકામાં પડયો હતો એટલે કે તે ચોથા સૈકામાં શ્વેતાંબર મતનો પાયો નંખાઈ આ બે પંથ ઘણી સ્પષ્ટ રીતે વિ. સં. ૧૩૬માં જુદા થયા. એમ છતાં **શ્વેતાંબર ગ્રંથકારોએ** માત્ર **દંતકથા સ્વકપોલ કલ્પિત** રચી **દિગંબર મતની સ્થાપના**

મહાવીરસ્વામી પછી ૬ ઠા (વિ. સં. ૫૦૯) સૈકામાં રથનુવીરપૂર નગરમાંના શીવભૂતી આચાર્યે કરી એવું **તદ્દન ખોટું** લખેલું છે!! અને આ ખોટા શાસ્ત્રને કેટલાએક ભોળા, હઠીલા, શ્વેતાંબરી ભાઇઓ ખરાં માને છે, પણ આવું ખોટું બોલનારનું દુનીઆમાં વજન નથી, તે તેમણે ભૂલવું જોઇએ નહિ. હે વાંચકો! ન્યાય બુદ્ધિથી જરા વિચાર કરો કે શ્વેતાંબરમાંના વિચારવંત ભાઇઓ દુકાળના વખતમાં જૈન સાધુ દિગંબર માર્ગમાંથી ભ્રષ્ટ થઇ શ્વેતાંબર એટલે નવો માર્ગ સ્થાપન થયો એ વાત કબુલ કરે છે અને ઇતિહાસ તેવી સાક્ષી પુરે છે, તેમ છતાં પણ શ્વેતાંબર ભાઇઓ દિગંબરને અર્વાચીન કહે છે, આટલા ઉપરથી શ્વેતાંબર ભાઇઓ કેટલા હઠગ્રાહી છે તેની ખાત્રી થશે, પણ એથી જૈન શાસનની ઉન્નતિમાં બાધ આવશે, એટલીજ દીલગીરી થાય છે.

દિગંબર અને શ્વેતાંબર એમાંથી પ્રાચીન કોણ એ મિમાંસા આટલે સુધી થઇ. હવે મુની વિદ્યાવિજયજીએ કેટલાક મુદ્દા આપ્યા છે તે તરફ આપણે હવે વળીએ.

દિગંબર મતની શાસ્ત્રરચનાના કાળ વિષે લખતાં **મુનિ વિદ્યાવિજયજી લખે છે કે**—"વીર સંવત ૬૮૩ માં જૈનગ્રંથ લખવાનો પ્રારંભ થયો. એ દિગંબરોના ગ્રંથરચનાનો કાળ કલ્પિત છે, કારણ કે મહાવીરસ્વામી પછી ૬૧૪ થી ૬૩૩ વર્ષ સુધીમાં ધરસેન થયા. વીરસંવત ૬૩૩ માં **પુષ્પદંત** અને ૬૬૩ થી ૬૮૩ સુધીમાં **ભૂતબલી** થયા, માટે ઉપરનું કહેવું વિરોધવાળું થાય છે એમ તેમનું કહેવું છે. એજ મુનીજીએ આનું જરાક વિચારપૂર્વક સમાલોચન કર્યું હોત, તો તેમને આવો ગોટાળો માલુમ પડત નહિ. તે

સમાલોચન એવું કરવું જોઇતું હતું કેઃ—વીર સંવત ૬૧૪થી ૬૩૩ સુધીમાં **ધરસેન** મુનીએ પુષ્પદંત અને ભૂતબલી આચાર્યને શ્રુતજ્ઞાન શીખવ્યું અને પછી ૬૮૩માં ધરસેને શીખવેલું તે બંને એ લખેલું શ્રુતજ્ઞાન જગ જાહેર થયું, એટલે કે દિગંબર શાસ્ત્રનો લેખનકાળ વીર સંવત ૬૮૩થી નક્કી થાય છે. આ પ્રમાણે ઐતિહાસિક સમાલોચન કર્યું હોત, તો પછી વિરોધ કે મનઃકલ્પિત કલ્પના તેમને જણાત નહીં, પણ જેને દ્વેષ બુદ્ધિથી ફક્ત દોષજ જોવા છે તેને ગુણ ક્યાંથી માલુમ પડે ? ઇતિહાસ અવલોકનાર્થે ઇતિહાસની તારીખ નક્કી કરવામાં સારાસાર વિચારની ઘણી જરૂર છે, તેના અભાવે આવા ગોટાળાભરેલું બધું ખોટું માલુમ પડે છે. સારાંશ કે વીર સંવત ૬૮૩માં શ્રુતજ્ઞાન લખાયલું હોવાથી પ્રખ્યાત થયું. ધરસેન જે વીરસંવત ૬૩૩માં સ્વર્ગસ્થ થયા હશે અને ૬૬૩માં પુષ્પદંતાચાર્ય શ્રુતજ્ઞાનનો થોડો ભાગ ગ્રંથમાં લખી સ્વર્ગસ્થ થયેલા હશે અને વીરસંવત ૬૮૩માં ભૂતબલી આચાર્ય તે લખી રાખેલો દિગંબર આમ્નાયનો ગ્રંથ પ્રસિદ્ધ કરી સ્વર્ગસ્થ થયા હશે, તો એ ત્રણેનો સતત્ દીર્ઘ પ્રયત્ન આ પ્રથમ લખાણ કરવામાં રોકાયેલો હોવાથી તે ત્રણેનાં નામ અને શ્રુતજ્ઞાન ગ્રંથ રૂપે પ્રસિદ્ધ થયાની મીતિ વીર સંવત ૬૮૩ના જેઠ શુદ પાંચમ જૈન દિગંબર ઇતિહાસમાં નોંધાઇ ગઇ છે.

મુની વિદ્યાવિજયજી આગળ કહે કે—"વળી જો દિગંબર મત પ્રાચીન હોત, તો ગણધરાદિ મુનીઓએ બનાવેલો કોઇ પણ ગ્રંથ, પ્રકરણ, અધ્યાય, વસ્તુ આદિ અવશ્ય હોવું જોઇતું હતુ અને છે તો નહીં, તેથી પણ એ સિદ્ધ થાય છે કે દિગંબરોએ પોતાનેઃ

મત ચલાવવાને માટેજ સ્વકલ્પિત નવીન ગ્રંથની રચના કરી લીધા છે." વિદ્યાવિજયનું આ કહેવું કેવળ અભિમાન ભરેલું અને દીર્ઘ વિચાર વગરનું છે. એકદમ ગ્રંથ રચના થઇ નહિં અને પાછળથી થઈ માટે રચના કપોળ કલ્પિત છે એવું કહેવું ભૂલભરેલું છે. વેદનો રચનાકાળ **મી. તીલકે** દશ હજાર વર્ષ પહેલાંનો છે એવું '**આર્ટિક હોમ ઈન ધી વેદાઝ**' નામના ગ્રંથમાં સાબીત કર્યું છે અને લેખનકાળ તે પછીનો છે, માટે તિલકની તે મીમાંસા ભૂલ ભરેલી ઠરશે કે શું ? તે ઉપરાંત હિંદુસ્થાનમાં પ્રાચીન કાળથી જ્ઞાન મોંઢે કરવું અને તે શિષ્યોને કહેવું એવી પદ્ધતિ છે, માટે તે લખેલું જ્ઞાન કપોલ કલ્પિત કહેવું એ ઘણું અયોગ્ય છે. **ડૉ. હર્મન જેકોબી** પ્રસ્તાવનામાં એક સ્થળે લખે છે કે:—

...In olden times the books were not used, it being the custom of the Brahmins to rely rather on the memory than on the manuscripts and in this they were followed by the Jains and Buddhists.

અર્થ–અસલના વખતમાં પુસ્તકોનો ઉપયોગ થતો નહોતો, પુસ્તકના કરતાં સ્મરણ શક્તિ ઉપર આધાર રાખવાનું બ્રાહ્મણો વધારે પસંદ કરતા અને તે રિવાજને અનુસરી જૈનો અને બૌદ્ધ લોકો ચાલતા.

પ્રિય વાંચનાર ! આ પ્રાચીન પ્રચાર જોઇ વિદ્યાવિજયજી કેટલી તુચ્છ રીતે દિગંબર **જૈન** શાસ્ત્ર તરફ જુએ છે એ સ્પષ્ટ છે, પણ હાલમાં શ્વેતાંબર ભાઇઓએ પોતાના ગ્રંથ રચવામાં જે આતુરતા બતાવી છે તે ઉપરથી આ વાત સિદ્ધ થાય છે કે દુકાળના વખતમાં જે સાધુએ મહાવીરની દિગંબર પરિપાટી વિરુદ્ધ શ્વેત વસ્ત્ર ધારણ કરી તેમનો–મહાવીર-

ની નગ્ન પરિપાટીમાં અને આજ્ઞામાં ફેરફાર કરનારો અને પોતાનો શ્વેતાંબર મતપોષક એવો ઘણોજ નવો અને કલ્પિત ભાગ **આચારાંગાદિ ગ્રંથમાં** સમાવેશ કરવાનો **ઉદ્દેશ** હોવો જોઇએ. જો તેમ ન હોત, તો દેશાંતર ગયેલા નગ્ન સાધુ અને દુકાળના વખતમાં શ્વેત વસ્ત્ર ધારણ કરેલા સાધુઓ મળી અંગાદિ શાસ્ત્રો લખવાં જોઇતાં હતાં અને જૈનોમાં તે વખતે પડેલા દિગંબર અને શ્વેતાંબર મતભેદ થવા જોઇતા નહોતા.

મુની વિદ્યાવિજયજીના ઉપરના હેતુથી ગણધરાદિએ શ્વેતાંબર મતના આચારાંગ, કલ્પસૂત્રાદિ ગ્રંથ રચ્યા છે, એમ લાગે છે, પણ શ્વેતાંબરના ગ્રંથ ગણધરોએ રચ્યા નથી. તેમણે રચ્યા છે એ કહેવું તદન ખોટું છે. એવું **ડૉ. હર્મન જેકોબી**ના "પાટલીપુત્રમાં જૈન સાધુઓની સભા ભરાઇ ગ્રંથ રચાયા." એવા લખાણ ઉપરથી સ્પષ્ટ થાય છે. Sacred books of the East Vol. XXII (1884) પ્રસ્તાવનાનું પાનું ૪૩મું જુઓ:—

The date of the collection or perhaps more correctly the **Composition of Jain Canon** would fall somewhere about the end of the fourth or beginning of the third century B. C. It is worth noticing that according to the above-cited tradition the Sangh of Patliputra collected eleven angas without the assistance of **भद्रबाहु**. As the latter is claimed by the Digambars for one of their teachers and as the Swetambars though doing the same, still continue the list of Sthawiras from संभूतविजय, भद्रबाहु's fellow Sthawir, not from भद्रबाहु himself,

it seems to follow that the Angas brought together by the Sangh of Patliputra formed the canon of Swetambers and not that of the whole Jain Church.

આ ઉપરથી ભદ્રબાહુની મદદ વગર શ્વેતાંબરોનાં આચારાંગાદિ શાસ્ત્રો રચાયાં એ નક્કી થાય છે. સારાંશકે ગણધરોએ શ્વેતાંબર મતના ગ્રંથની રચના કરી તે વિદ્યાવિજયજીનું કહેવું ખોટું છે. તેમજ પાટલીપુત્રમાં એકઠા થયેલા જૈન સંઘે શ્વેતાંબર મતના સિદ્ધાન્ત તૈયાર કરેલા તે આખા જૈન ધર્મના સિદ્ધાન્ત નથી. ડૉ. **જેકોબી** સાહેબના કહેવા ઉપરથી શ્વેતાંબર સાધુઓએ પોતાના મતને પુષ્ટિ આપે એવા ગ્રંથો રચ્યા એવું સ્પષ્ટ નક્કી થાય છે, અર્થાત્ શ્વેતાંબરોએ પોતાનાજ પુરતો રચેલો ભાગ દિગંબરોને સંમત (માન્ય) નથી અને અદ્યાપિ પણ દિગંબર સંઘ શ્વેતાંબર ગ્રંથોને માનતો નથી અર્થાત્ એજ પ્રમાણે હાલના બંગાળી અને દક્ષીણના કેટલાક આગેવાનોને બાતલ કરી ભરવામાં આવેલી પહેલા ૧–૨ વર્ષની ' ક્રીડ કોંગ્રેસ ' પ્રમાણે બનેલી કોંગ્રેસ જેવી સંસ્થા હિંદુસ્થાનમાં ઘણી જુની છે, પણ કાળ પરત્વે તેમાં 'ક્રીડ' નવો ઉત્પન્ન થયો છે. ક્રીડ એ શરૂઆતમાં સર્વાનુમતે ઠરાવેલો નહોતો, માટે કેટલાક આગેવાનો રાષ્ટ્રીય સભામાંથી થોડો વખત જેવી રીતે અલગ રહ્યા, તેવીજ રીતે શ્વેતાંબરોએ રચેલાં શાસ્ત્રો દિગંબરની પરંપરા વિરૂદ્ધ અને નવા હોવાથી દિગંબર લોક હમેશને માટે શ્વેતાંબરોથી અલગ રહ્યા. પણ અલગ રહેલા આગેવાન જેમ જુની કોંગ્રેસ અને પૈસાદારોની મળેલી નવીન કોન્ગ્રેસના ભક્તો એમ લોકો સંબોધે છે, તેજ રીત પહેલાંની મહાવીરની નગ્ન પરંપરા ચલાવનારા દિગંબર અને દુકાળના વખતથી સ્થાપન થયેલી શ્વેત વસ્ત્ર ધારણ કરવાની પરંપરા

ચલાવનારા શ્વેતાંબરની બાબતમાં બનેલી છે. સુજ્ઞ વાંચકોએ આ-માંથી વ્યાજબીપણે મર્મ જાણ્યો હશે. હવે મહાવીરની પ્રાચીન દિગંબર પરંપરા ધારણ કરી ચાલનારા દિગંબર છે અને નવીન અર્વાચીન સ્વકપોલ કલ્પિત પંથ પ્રમાણે ચાલનારા શ્વેતાંબર છે, એ બધાને સારી રીતે જાણવામાં આવ્યું હશે.

"मेरी समजमे दिगंबर संप्रदाय मूलका और श्वेतांबर पंथ पीछेका है ओर ईस मतको पोषण करनेवाले प्रमाण बहोत है."

આ પ્રમાણે ઉત્તર **ડો. ભાંડારકર**ની મુલાકાત વખતે તેમણે મને આપ્યો હતો. એ સહન નહી થવાથી જૈન સાધુને અયોગ્ય એવું મેહેણું મુની કહેવડાવનારા વિદ્યાવિજયજીએ માર્યું હતું, તેને માટે અમોને દીલગીરી થાય છે. ભલે. ડૉ. ભાંડારકરના વિચારનું ખંડન કરવા વિદ્યાવિજયજીએ મથુરામાંના શિલાલેખનો ઉલ્લેખ કર્યો છે. તે શિલાલેખમાં (ક) प्रायताम्भगवानृषभश्रीः નં. ૮ (અ) भगवतो उसभस्स નં. ૯ એ પ્રમાણે જૈનના પ્રથમ તીર્થંકરનું રૂષભનાથ નામ છે ૩ષભનાથ નગ્ન દિગંબર હતા એ વાત ભાગવતમાં પ્રખ્યાત છે. તે-મજ મહાવીર પણ નગ્ન હતા એ વાત શ્વેતાંબરોના કલ્પસૂત્રમાં પણ છાની રાખી નથી. જૈન અને હિંદુધર્મશાસ્ત્ર જો રૂષભ અને મહાવીરના દિગંબર પ્રચાર માટે મુક્ત કંઠથી ઉલ્લેખ કરે છે અને તેને અનુસરી ડૉ. ભાંડારકર **"મેરી સમજમેં દિગંબર જૈન સંપ્રદાય મૂળકા"** એમ કહે તો પછી શ્વેતાંબર મુની વિદ્યાવિ-જયજીને આટલો ગુસ્સો આવવાનું કારણ શું ? આ દૃષ્ટિએ **દિગંબર**

આમ્નાયજ પહેલાનો છે અર્થાત્ ડૉ. ભાંડારકરે લખેલું સર્વ અસ્થાની નથી.

(૫) તે શિલાલેખમાંના એક ચિત્ર વિષે ઉલ્લેખ કરતાં મુની વિદ્યાવિજયજી કહે છે કે:—" શિલાલેખની અત્યંત ખુબીવાળું એક ચિત્ર કે જે શ્વેતાંબર મતના માનવા પ્રમાણે હરિણેગમૈષી દેવે કરેલા ગર્ભાપહાર સંબંધી યથાસ્થિત સ્વરૂપ બતાવનાર છે, તે ઉપરથી પણ એમ સિદ્ધજ થાય છે કે શ્વેતાંબર મત પ્રાચીન છે કેમકે ગર્ભાપહારને તો દિગંબરો માનતાજ નથી. "

વાંચકો ! જે મહાવીર તીર્થંકરના ગર્ભ બદલાયા સંબંધી શ્વેતાંબર કબુલ કરે છે તે વાત તેવા રૂપમાં દિગંબરો માનતા નથીજ, પણ જે **ડૉ. જેકોબી**ના વચન ઉપરથી શ્વેતાંબરો આટલા બધા ફૂલાય છે તેજ ડૉ. જેકોબી એવું લખે છે કે ગર્ભ હરણની કથા–જન્મતાંજ કૃષ્ણને દેવકી પાસેથી ઉંચકી ગુપ્તપણે રોહીણિ પાસે લાવી મૂક્યા, આ કથા ઉપરથી જૈનોએ લીધી છે. જુઓ Sacred book of the East Vol. XXII પાનું ૩૧ પ્રસ્તાવના.

The story of the transfer of the embroys was invented. The latter idea (the transfer of the embroy) was not an original conception of the Jainas but it is evidently borrowed from the Puranik story of the transfer of the embroy of Krishna from the womb of the देवकी to that of रोहिणी.

આ ગર્ભહરણની વાત જૈનોએ નવી શોધી કાઢેલી છે, પણ જૈનોની આ કલ્પના તદ્દન નવી નથી. તેમણે દેવકીના ગર્ભમાંથી રોહીણિ-

ના ગર્ભમાં કૃષ્ણને મૂક્યા એ પૌરાણિક કથા ઉપરથી જૈનોએ આ કથા ઉછીની લીધેલી છે.

વાંચકો! ડૉ. **જેકોબીનાં** વચનો પ્રમાણે, જ્યારે કઠીનતા માલમ પડી, ત્યારે શ્વેતાંબરોએ પોતાના ગ્રંથ હિંદુધર્મશાસ્ત્રની પદ્ધતિ ઉપર થોડી ઘણી યુક્તિઓ મુકીને રચેલા છે એમ શું સિદ્ધ થતું નથી? એટલે શ્વેતાંબરના ગ્રંથો કપોલ કલ્પિત કહેવામાં શી હરકત છે? માટે આ બાબતનો બારીક વિચાર કરો.

(૬) ડૉ. **ભાંડારકર**—જૈનમૂર્તિ ઘણી ખરી નગ્નજ મળી આવે છે, એમ કહેતાં ડાકટર સાહેબનો નગ્નનો અર્થ કોટ પાટલુન કે તેવા વસ્ત્રનો અભાવ વીગેરે વીગેરે ઘણો હાસ્યાસ્પાદક મુનિ વિદ્યાવિજયજીએ કરી ડૉ. ભાંડારકરને ઉતારી પાડવાનો યત્ન કરેલો છે, પણ સંસ્કૃત ભાષાના પ્રોફેસર એટલે ચારે ખંડમાં પ્રસિદ્ધ થયેલા ડૉ. ભાંડારકરની આટલી યોગ્યતા છતાં તેમને ઉતારી પાડવામાં મુનિ વિદ્યાવિજયજી કદી જીત મેળવશે નહિ, કારણકે **નગ્નનો અર્થ** તેમને જેટલો સારો **સમજાયો** હશે તેટલો વિદ્યાવિજય મુની સમજતા નથી એવું નગ્ન શબ્દના તેમણે કરેલા અર્થ ઉપરથી કહેવામાં હરકત નથી. **નગ્ન એટલે સલંગોટ આ અર્થ અજાયેબ જેવો છે!!** હિંદુ ધર્મના બધા **ગોસાઇ** સલંગોટ રહે છે, પણ તેમને કોઇ નગ્ન કહેતા નથી. જેણે તે લંગોટ છોડી તેનેજ નગ્ન એ નામ કહેવામાં આવે છે. ધન્ય છે મુની વિદ્યાવિજયજીના અર્થને! હવે મુદ્દા ઉપર આવું છું. **કર્ણાટક** તરફ દુકાળના વખતમાં જૈન સાધુ ઈ. સ. પૂર્વે ૪ થા સૈકામાં ગયા. ત્યાં ગયા પછી તેમણે ત્યાં જૈન મંદિરો સ્થાપ્યાં. શ્રવણ બેલગુલ હાલ્લીબીડ,

મુડબીદ્રી, વેરૂલ વગેરેની લંગોટ વગરની **પ્રાચીન જૈન નગ્ન મૂર્તિ** ડૉ. **ભાંડારકરના** વચનની **સત્યતા** સાબીત કરે છે. અને મુની વિદ્યા-વિજયજીનું **કહેવું** તદન ખોટું ઠરે છે. ઈચ્છા હોય તો તેમણે પ્રાચીન મૂર્તિ લંગોટવાળી હોય છે તે બાબતના પુરાવા આપવા. હાલના વખતમાં ઘણીજ લંગોટ વગરની મૂર્તીઓ શ્વેતાંબર ભાઇઓ પૂજે છે, તો પછી અસલના વખતમાં પ્રાચીન મૂર્તીઓને લંગોટ કયાંથી હોય?

તથાપિ જ્યારે મુની **વિદ્યાવિજયજી** કહે છે કે—"પ્રાચીન મૂર્તીઓ જોવા જઇશું તો તે સલંગોટ મળશે અને તે શ્વેતાંબરોનીજ મૂર્તિઓ હોવી જોઇએ!" તો શિરપુરમાં **શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ સ્વામીની** મૂર્તિને કયાં લંગોટ છે? તે પ્રતિમાને લંગોટ તો બીલકુલ નથી. કંદોરો પણ નવો કરેલો છે. આવું છતાં તે દિગંબર સંપ્રદાયની પ્રતિમાને શ્વેતાંબર પ્રતિમા કહી અને તે બદલ મોટું તોફાન ઉભું કર્યું એ શ્વેતાંબર ભાઇઓનો કેટલો **હઠ** છે વારૂ? હવે અમે મુની વિદ્યા-વિજયજીને કહીએ છીએ કે તમારાજ બોલવા પ્રમાણે **સિરપુરની પ્રતિમા લંગોટ વગરની હોવાથી દિગંબરીજ ઠરે છે**, તો તેઓ પોતાના લોકોને કોર્ટમાંનો દાવો કાઢી નાંખવા કહે અને અંતરિક્ષ પાર્શ્વનાથની મૂર્તિ દિગંબરી છે એવું કબુલી દે, તો વાંધો મટી જાય. આ લેખથી શ્વેતાંબર સંપ્રદાય કરતા દિગંબર **સંપ્રદાય** પ્રાચીન ઠરશેજ. પણ શિરપુર સંબંધીની તકરાર ઉપર પ્રમાણે કબુલ કરી પોતપોતાનામાં નિકાલ લાવશે તો મોટું નામ થશે.

(૭) જૈન ગ્રંથ રચના અને લેખન કાળ.

મેં ડૉ. **ભાંડારકરની** મુલાકાત લીધી, ત્યારે દિગંબર જૈનનાં **ગ્રંથ લેખનનો** સમય **ઇ. સ. ૧૩૯** અને શ્વેતાંબરના ગ્રંથ લખ-

વાનો સમય ઇ. સ. ના **પાંચમા શતકમાં** છે એમ તેમણે કહ્યું હતું. પણ તે કહેવું વિદ્યાવિજયજી ન માનતાં લખે છે કે:—" શ્વેતાંબર અને દિગંબર ગ્રંથ રચનાના કાળ સંબંધી પ્રશ્નનો જવાબ આપતાં ડૉ. સાહેબે જે ભુલથાપ ખાધી છે તેનો જવાબ પણ ઉપર બતાવેલા ગ્રંથ રચનાકાળ ઉપરથી આવી જાય છે, એટલે તે સંબંધમાં પુનઃ લખવાની કંઇપણ જરૂર ન જોવા સાથ, માત્ર એટલુંજ કહીશ કે હરકોઈ વિષયમાં સંપૂર્ણતા પ્રાપ્ત કર્યા વિના તે વિષય સંબંધી અમુક એક નિશ્ચય કરી દેવો, તે એક જાતનું જગતમાં હાંસીને પાત્ર થવા જેવું છે."

હવે આપણે દિગંબર અને શ્વેતાંબરોનો રચનાકાળ અને લેખનકાળ આધાર સહિત તપાસી પ્રાચીન અને અર્વાચીન કોણ તે ઠેરવીએ.

દિગંબર ગ્રંથ રચનાસમય અને લેખનસમય.

દિગંબર સંપ્રદાયનું એજ માનવું છે કે મહાવીર તીર્થંકરે **ગૌતમ** ગણધરને કહેલું જૈન ધર્મજ્ઞાન પરંપરાથી શિષ્યોને શીખવવામાં આવતું અને છેવટે **ધરસેન** મુનીના શિષ્ય પુષ્પદંત અને **ભુતબલી**એ તે ગ્રંથરૂપે લખી રાખ્યું. દિગંબરોએ શ્વેતાંબર પ્રમાણે દુષ્કાળમાં સભા ભરી શાસ્ત્ર બનાવ્યાં નથી અથવા તેમાં કંઇ વધારો ઘટાડો કર્યો નથી, પુષ્પદંત અને ભુતબલીએ લખેલા **દિગંબર આમ્નાયના જૈન ગ્રંથોનો લેખન કાળ ઇ. સ. ૧૩૯** અને વિ. સં. ૧૯૫ છે. ગૌતમ ગણધર પછી કોઇપણ કેવલી, શ્રુત કેવલીએ નવીન શાસ્ત્ર રચ્યાં નથી. મહાવીરના વખતથી જે જ્ઞાન પરંપરાથી લુપ્ત પ્રાયઃ થતું આવ્યું તેજ મોંઢે કરવામાં આવતું, અને આખરે પુષ્પદંતા-

ચાર્ય અને ભૂતબલી આચાર્યે ઈ. સ. ૧૩૯ માં ગ્રંથરૂપે દિગંબર સંપ્રદાયનું જ્ઞાન લખી રાખ્યું. આજ દિગંબરની ગ્રંથ રચનાનો સમય છે.

શ્વેતાંબર ગ્રંથ રચના અને લેખનકાળ.

Sacred Book of the East Vol. XXII પ્રસ્તાવના પાનું ૪૨-૪૩ માં શ્વેતાંબરને માન્ય થયેલા ડૉ. **હર્મન જેકોબી** લખે છે કેઃ—

"The whole of the Jain Siddhanta was Composed after the fourth Century B. C."

"The date of the collection or perhaps more correctly the composition of the Jain canon would fall somewhere about the end of the fourth or the beginning of the third century B. C."

અર્થઃ—ઇ. સ. પૂર્વે ૪ થા સૈકામાં સર્વ (શ્વેતાંબર) જૈન સિદ્ધાન્ત રચાયા. (શ્વેતાંબર) જૈન સિદ્ધાંતનો સંગ્રહકાળ અથવા ખરૂં કહીએ, તો રચનાકાળ ઇ. સ. પૂર્વે ૪ થા શતકના અંતમાં અથવા ત્રીજા સૈકાની શરૂઆતમાં ઠરે છે.

The reduction of Jain Cannon or the Siddhanta took place according to the unanimous tradition on the Council of Valabhi under the presidency of देवर्धि. The date of this event 980 (or 993) after Vir correspond to 445 (or 467) A. D. is incorporated in the कल्पसुत्र. देवर्धिगणी says the tradition, perceiving the Siddhanta in danger of becoming extinct caused it to be writton in books.

સારાંશકે દેવર્ધિગણીના પ્રમુખપદ નીચે **વલ્લભી** નગરમાં જૈન સિદ્ધાંત વીર સંવત ૯૮૦ (અથવા ૯૯૩) અને ઈ. સ. ૪૪૫

(અથવા ૪૬૭) માં લખાયા. પરંપરાથી એમ કહેવાય છે કે જૈન સિદ્ધાંતની સ્થિતિ નષ્ટ થઇ જવા જેવી હોવાથી **દેવર્ધિગણીએ** તે પુસ્તકોમાં લખ્યાં.

વાંચકો ! આ શ્વેતાંબરોના ગ્રંથ રચનાનો અને લખવાનો સમય હવે વિચારો. દિગંબરોની અંગપૂર્વ (શાસ્ત્ર) રચના ગણધરોએ કરેલી અને શ્વેતાંબરોની અંગપૂર્વ રચના ઇ. સ. પૂર્વે ૪–૩ શતકમાં દુકાળ વખતે **પાટલીપુત્ર** (પટના) માં શ્વેત વસ્ત્ર ધારણ કરેલા દિગંબર મતમાંથી ભ્રષ્ટ થયેલા સાધુએ કરેલી. **દિગંબરનો પ્રથમ ગ્રંથ ઇ. સ. ૧૩૯** અને વિક્રમ સંવત ૧૯૫માં લખાયો અને **શ્વેતાંબરનો પ્રથમ ગ્રંથ ઇ. સ. ૪૫૪માં** લખાયો. દિગંબર શ્વેતાંબરના રચના અને લેખન સમયમાં આટલો જમીન આસમાનનો ફરક છે, તો પછી શ્વેતાંબરના ગ્રંથ દિગંબર કરતાં પ્રાચીન કેવી રીતે હોઈ શકે ? આ ઉપરથી તેઓ ખાસ નવા છે તે સિધ્ધ થાય છે, આમ છતાં પણ મુની વિદ્યાવિજયજી કહે છે—" શ્વેતાંબર ગ્રંથોનો રચનાકાળ દિગંબરો કરતાં પહેલાંનોજ છે " ! વાંચકો ! આ કેવું ખોટું પ્રતિપ્રાદન કરેલું છે ? શ્વેતાંબર શાસ્ત્રો અને શ્વેતાંબરોએ માનેલા ડૉ. જેકોબી અને ઉપર પ્રમાણે સાબીત કરતાં ડૉ. ભાંડારકરે પણ ' ભૂલથાપ ખાધી છે " એમ જણાવી આવું ખોટું પ્રતિપાદન કરી પોતેજ પોતાના શિષ્યોને કપોલ કલ્પિત સમજાવનારા મુનીને શું કહેવું તે તમેજ કહો અને બધાને ફસાવવાની મુનીજીની હાથ ચાલાકી કેવી છે તેનો વિચાર કરો. **ડૉ. ભાંડારકર** મને આપેલા ઉપરના જવાબમાં ચુકયા હોય, તો તેમણે ભૂલથાપ આપી છે એવું મુનીજીએ કહેવું ? ટુંકમાં તેઓ ખોટું કહેતા નથી એ વાત મુનીજીએ લક્ષમાં રાખવી જોઇએ.

(૮) 'નિર્ગ્રંથ' શબ્દ,

श्री सुधर्मस्वामीनोऽष्टौ सूरीन् यावद् निर्ग्रन्थाः साधवोऽनगाराः આ પટ્ટાવળીમાંથી વાક્ય આપી મુનીજી કહે છે કે-નિર્ગ્રંથનો અર્થ નગ્ન નથી. આ અર્થ તો મુનીજીના ખાસ મત પ્રમાણે થયો, પણ નિર્ગ્રંથ શબ્દનો ખરો **અર્થ** જેની પાસે ગ્રંથ પણ નથી એવા એટલે કે નગ્ન એવોજ વિદ્વાન લોક કરે છે. **સુધર્મા વિગેરે શ્રુત કેવલી નગ્નજ** હતા; એ જ્યારે બંનેને નિર્વીવાદપણે કબુલ છે, તો નિર્ગ્રંથનો અર્થ પણ નગ્ન કબુલ થવોજ જોઇએ.

મંખલી ગોશાલાનું નામ ભગવતી આદિ સૂત્રોમાં આવે છે, તેજ બૌદ્ધના પિટક ગ્રંથમાં દેખાય છે એવું મુનીજી કહે છે, પણ આવા દૃષ્ટાંતથી શ્વેતાંબર મત દિગંબર કરતાં પ્રાચીન ઠરતો નથી, કારણકે શ્વેતાંબર સાધુઓએ અંગ રચના શ્વેત વસ્ત્રો ધારણ કર્યાથી કરી, તેમજ તેમનાં શાસ્ત્રો પણ ઇ. સ. ના ૪ થા સૈકામાં લખાયાં. પછી તેમણે તે વેળા બૌદ્ધોના પિટક ગ્રંથને અનુસરી એક બે વ્યક્તિ પોતાના શાસ્ત્રમાં કેમ નહીં ઘુસાડી હોય? તે સિવાય **હરિણેગમેષિ** દેવનો અને મહાવીરનો ગર્ભહરણ કરવાની કથા બદલ ડૉ. હર્મન જેકોબીએ કૃષ્ણના જન્મકાળના અદલાબદલી પ્રમાણે શ્વેતાંબર જૈનોએ પણ પોતાની કથા તેવીજ રચી છે એવું લખ્યા ઉપરથી તો અમને એમજ લાગે છે કે મંખલી ગોશાળાને બૌદ્ધોની પીટક ઉપરથીજ લઇને પોતાનામાં શ્વેતાંબરોએ દાખલ કર્યો છે.

(૯) વિ. સં. ૯૯૦ માં થયેલા દિગંબર મતાનુયાયી **દેવસેન** મુની શ્વેતાંબરની ઉત્પત્તિ બદલનો ઉલ્લેખ **દર્શનાસાર** ગ્રંથમાં લખી ગયા છે. તે એ છે કેઃ—શ્વેતાંબર મત સ્થાપી મિથ્યાશાસ્ત્ર રચી

જીનચંદ્રે પોતેજ પોતાને નરકમાં પ્રથમ સ્થાપન કર્યા. આ ઉલ્લેખ દ્વેષથી ભરેલો છે. દેવસેનને તે વખતે શું અવધિજ્ઞાન હતું કે જેથી તેણે આવું લખ્યું" ? એવો મુનીજી સવાલ કરે છે, તેનો એજ જવાબ છે કે દેવસેને પરંપરાથી કહેવામાં આવતો ઇતિહાસ લખ્યો હોય, તો તેને અવધિજ્ઞાનજ ક્યાંથી હોય ? **રામચંદ્ર મોક્ષે** ગયા **અને રાવણ** નરકમાં ગયો એવું જો આજ હું પૂર્વ પરંપરાને અનુસરી લખું, તો મને અવધિજ્ઞાનની શી જરૂર છે ! આમ છતાં મુનીજી તેને દ્વેષ કહે છે અને ખોટું કથન કહે છે, તો અજ્ઞાન કોનું છે તે વાંચકોએજ નક્કી કરવું.

હું કાશીની **યશોવિજય પાઠશાળામાં** ગયો ત્યારે, ત્યાંના વિદ્વાન અને વ્યવહાર કુશળ, **શ્રી ઇંદ્રવિજય મુનીએ** પણ મને **દર્શનાસારના** પ્રશ્ન કર્યો હતો અને તેમને પણ મેં આવોજ જવાબ આપ્યો હતો. પણ જેને માટે આવો પ્રશ્ન શ્વેતાંબરોની દૃષ્ટિ આગળ ઉભો થાય છે તેને માટે તેમનાજ મનમાં દિગંબરો વિષે પૂર્ણ દ્વેષ રહેલો છે. એ શું સાબીત થતું નથી ? આવીજ રીતે **રત્નનંદીએ** ભદ્રબાહુનું ચરિત્ર લખી તેમાં શ્વેતાંબરોનો ઉલ્લેખ કર્યો. તેથી મુની-જીએ કર્યો છે. આ પ્રમાણે વારંવાર શ્વેતાંબરો દિગંબરોનો દ્વેષ કરતાં છતાં ઉલટો ચોર કોટવાળને દંડે તેમ શ્વેતાંબરો ઉલટા કહે છે કે દિગંબરો અમારો દ્વેષ કરે છે. કેવો ખાસો ન્યાય ! **કુલ્યાકપાર્શ્વ-નાથની** દિગંબર મૂર્તિ શ્વેતાંબરી બનાવી; શિરપુરમાં આજ ઝઘડા શરૂ થયા છે, માંગીતુંગી ઉપર આજ વિચાર હતો વિગેરે અનેક વાતો કેટલાક શ્વેતાંબર સાધુની અને શ્વેતાંબરી ભાઇઓની દિગંબર માટે દ્વેષથી ભરેલી ચાલુ છે. શબ્દનો અર્થ ભુલ્યો તે **સુધારવાનું** મુકી દઇને તે ભૂલ કરનાર એક કાશીના દિગંબરી વિદ્યાર્થીને મુની વિદ્યાવિજય સરખા શ્વેતાંબરને પૂજ્ય એવા જ્ઞાની માણસે એકાએક

મૂર્ખ કહ્યો, એ ઉપરથી શ્વેતાંબરોજ દિગંબરોનો કેટલો દ્વેષ રાખે છે તે ઉઘાડું દેખાય છે, આટલું છતાં "...દિગંબરનઃ અંતઃકરણમાં દ્વેષ દાવાનળ રહેલો હોવો જોઇએ !" એવું મુનીજી દિગંબરોને કહે છે, તો Crochodile tears જેવાં દાંભીક આંસુ છે કે નહિં?

(૧૦) **ઉપસંહારમાં** મુનિ વિદ્યાવિજયજી કહે છે કે–"ધર્મોપકરણને પરિગ્રહ માન્યો નથી." પણ આ નિયમ હલકી શ્રેણીના દિગંબર મુનીનો છે. તેમજ

शय्यासनोपधानानि शास्त्रोपकरणानिच
पूर्वं सम्यक्समालोच्य प्रतिलिख्य पुनः पुनः ॥१२॥
गृण्हतोऽस्य प्रयत्नेन क्षिपतोवा धरातले
भवत्यविकला साधोरादानसमितिः स्फुटम् ॥१३॥

આ પણ શુભચંદ્રાચાર્યે કરેલું વર્ણન દિગંબર સંપ્રદાયના હલકી શ્રેણીના સાધુંનુંજ છે. તેજ જો મુનીજીએ જ્ઞાનાર્ણવમાં જોયું હોત, તો ઉચ્ચ શ્રેણીના દિગંબર મુની કેવા હોય છે તે તેમને માલુમ પડત.

દિગંબર મુની ઉચ્ચ શ્રેણીના કેવા હોય છે તે બતાવવા એક શ્લોક હું અહીંઆ ટાંકું છું.

भूः पर्यंको निजभुजलता कंदुकं खं वितानं
दीपश्चन्द्रो विरति बनिता लब्धसङ्ग प्रमोदः ।
दिक्कान्ताभिः पवनचमरै वींज्यमानः समन्ता-
द्भिक्षुः शेते नृप इव भुवि त्यक्तसर्वस्पृहोऽपि ॥

શુભચંદ્રાચાર્ય.

હે બંધુગણ ! સંપૂર્ણ પરિગ્રહ વર્જેલા દિગંબર મુનીનું વર્ણન વિચારો.

ઉપસંહાર.

છેવટે મુનીજીનાજ શબ્દમાં મારા શ્વેતાંબર બંધુઓને એવી સુચના કરૂં છું કે—મહાશયો! જે જુનું છે તે ગમે તેટલા પ્રપંચ રચો, તોપણ જુનુંજ ઠરવાનું અને જે નવું છે તે નવુંજ રહેવાનું. શ્વેતાંબર ભાઇઓ ગમે તેટલી યુક્તિ લઢાવશે, તોપણ જેમ શ્વેતાંબર મતનું અર્વાચીનપણું તેમનાજ કહેવા ઉપરથી સાબીત થાય છે, તેમ દિગંબર સંપ્રદાયનું પ્રાચીનત્વ પણ તેમના ઉલ્લેખ ઉપરથી સાબીત થાય છે, આમ છતાં શ્વેતાંબરોએ પોતે દિગંબરોના કરતાં પ્રાચીન અને દિગંબરો અર્વાચીન છે એવું કહેવાનો પ્રયત્ન કરે, તો નાના છોકરાં રમવા માટે ચંદ્ર માગે, તેમ હાસ્યોત્પાદક (હસવા જેવુ) નથી કે શું ? ભાઇઓ દિગંબરોનું પ્રાચીનત્વ અખંડ છે. જુદી જુદી દૃષ્ટિએ જૈનધર્મનો વિચાર કરશો, તો દિગંબર સંપ્રદાય **"નગ્ન વૃત્તિ" એ પ્રાચીનજ ઠરનાર છે** માટે, વિનાકારણ દિગંબર મૂર્તિને શ્વેતાંબરી બનાવી અથવા અપ્રયોજક લેખ લખી પ્રાચીન દિગંબર સંપ્રદાયને હસી કહાઢવાનો યત્ન કરવો એ શું મૂર્ખાઇ ભરેલું નથી?

મુની વિદ્યાવિજયજી કહે છે તેમ બંને આમ્નાયના ભાઇઓએ તકરાર છોડી દઇ સલાહ સંપથી ચાલવું, ભગવાન વીરપ્રભુના અહિંસા તત્વનો જગતમાં પ્રચાર કરવો; દુનીઆને દયા, પ્રેમ, સંસારની અસારતા, નરજન્મનું ક્ષણભંગુરત્વ શીખવી તેમનું લક્ષ આત્માનું અમરપણું સાધવા તરફ પરોવવું, તેમાં તેમની શોભા છે. અને જૈનધર્મી ભાઇઓનું પણ લૌકિક સાફલ્યત્વ આમાંજ છે, નહીં તો વિનાકારણ દ્વેષ વધશે, એ લક્ષમાં રાખી સર્વેએ **સંપથી જૈન ધર્મની ઉન્નતિ** કરવી એવી છેવટે હું દિગંબર શ્વેતાંબર શ્રાવક અને સાધુઓને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરી આ લેખ પૂરો કરૂં છું.

બાર્સી (સોલાપુર)
તા. ૨૮-૧-૧૨ } **तात्या नेमीनाथ पांगळ.**